<u>વિભાગ-૧, નવી બાબત વર્ષ ૨૦૧૪-૨૦૧૫</u>

રાજ્યમાં કાર્યરત ઔદ્યોગિક તાલિમ સંસ્થામાં
તાલીમ મેળવી પાસ થતા તાલીમાર્થી ઓમાં
ઉધોગ સાહસીકતાનો વિકાસ કરવા તથા
સ્વરોજગારીની તકો ઉપલબ્ધ કરાવવા બેન્કેબલ
લોન વ્યાજ સહાય યોજના શરૂ કરવા બાબતે

ગુજરાત સરકાર,

શ્રમ અને રોજગાર વિભાગ,

ઠરાવ ક્રમાંક : તલમ/૧૨૨૦૧૪/૩૯૨૩૩૧/૨(૨)

સચિવાલય,ગાંધીનગર.

તા.03/0૯/૨૦૧૪

<u>વંચાણે લીધા:-</u>

(૧) નિયામકશ્રી.રોજગાર અને તાલીમ, તા.. ૨૩/૭/૨૦૧૪ ના પત્ર ક્રમાંક :રોતાક/સીટીએસ/ચ-૧/૨૦૧૪/૧૦૯

(૨) નિયામકશ્રી.રોજગાર અને તાલીમ. તા.૩૦/૭/૨૦૧૪ ના પત્ર ક્રમાંક : સીટીએસ/ચ-૧/ ૨૦૧૪/૧૧૨

ઠરાવ :-

રાજ્યના યુવાધનને રોજગારી/ સ્વરોજગારીની તકો ઉપલબ્ધ કરાવવાની બાબતને રાજ્ય સરકાર દ્વારા અગ્રીમતા આપવામાં આવેલ છે. હાલમાં રાજ્યમાં ૨૬૩ સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓમાં કુલ: ૧૧૧૯૭૨ બેઠકો મંજૂર કરવામાં આવેલ છે. રાજ્યના તમામ ૨૨૫ તાલુકાઓમાં સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ શરૂ કરીને તાલીમી સુવિધા ઉભી કરવામાં આવેલ છે. રાજ્યમાં કાર્યરત ઔધોગીક તાલીમ સંસ્થા/કેન્દ્રમાંથી તાલીમ મેળવ્યા બાદ જે ઉમેદવારો પોતાનો સ્વરોજગાર સ્થાપવા ઇચ્છતા હોય તો તેવા ઉમેદવારોને સ્વરોજગાર શરૂ કરવા માટે જરૂરી પ્રોત્સાહન મળી રહે તે આવશ્યક છે. ઉમેદવારો દ્વારા તૈયાર કરવામાં આવેલ પ્રોજેક્ટ રીપોર્ટના આધારે ઉમેદવારોને પોતાના સ્વરોજગાર શરૂ કરવામાં આવશ્યક હોય તેવા સાધન સામગ્રી વસાવવા જરુરી નાણાકીય સહાય બેન્ક મારફતે મળી રહે અને આવી નાણાકીય સહાયનું વ્યાજ ઉમેદવાર માટે વધુ બોજ રૂપ બને નહિં, તે માટે પ્રોત્સાહન રૂપે સ્વ-રોજગારી મેળવતાં ઉમેદવાર માટે રોજગાર શરૂ કરવા લીધેલ/મંજૂર લોન પર વ્યાજ સહાય આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

આ હેતુ માટે શ્રમ અને રોજગાર વિભાગના સને ૨૦૧૪-૧૫ના વર્ષના અંદાજપત્રમાં ₹.૬૦૦/- લાખની વિભાગ-૧, નવી બાબતની દરખાસ્ત રજૂ કરેલ છે,

આથી પુખ્ત વિચારણાના અંતે પ્રસ્તુત યોજનાને નવી બાબત તરીકે અંદાજપત્રમાં સમાવીને રૂ.૬૦૦/-લાખની જોગવાઇ કરવામાં આવેલ છે. આ બેંકેબલ લોન વ્યાજ સહાય યોજનાનું નીચે દર્શાવેલ મુદ્દાઓ મુજબ અમલીકરણ કરવાનું રહેશે

(૧) આ યોજનામાં જિલ્લા કક્ષાએ એક સમિતિની રચના કરવામાં આવશે. જેના અધ્યક્ષ સ્થાને જિલ્લા ઉદ્યોગ કેન્દ્રના જનરલ મેનેજરશ્રી રહેશે. જિલ્લાની નોડલ આઇ.ટી.આઇ. ના આચાર્યશ્રી તથા નોડલ આઇ.ટી.આઇ.ના તાબા હેઠળની તમામ સંસ્થાના વડા, રોજગાર અધિકારીશ્રી, લીડ બેંકના અને સંબંધિત બેંકના મેનેજરશ્રી. આ તમામ સમિતિના સભ્ય તરીકે રહેશે. લાભાર્થીને આ યોજનાનો લાભ ત્વરિત અને સરળતાથી મળે તે માટે સમિતિની બેઠક સમયાંતરે આયોજિત કરવાની રહેશે.

(૨) આ યોજનામાં લોન લેનાર આઇ.ટી.આઇ.ના તાલીમાર્થીએ, તાલીમ પૂર્ણ કર્યા બાદ ત્રણ વર્ષના સમયગાળાની મર્યાદા સુધીમાં સમિતિ સમક્ષ પોતાની અરજી રજૂ કરી દેવાની રહેશે.

(૩) આઇ.ટી.આઇ.ના તાલીમાર્થીને પોતાનો સ્વરોજગાર શરૂ કરવામાં આવશ્યક હોય તેવા સાધન સામગ્રી વસાવવા બેન્ક મારફતે જરૂરી નાણાકીય સહાય/લોનની માંગણી દરખાસ્ત કરવાની રહેશે. આ મંજૂર લોન પર મૂળ વ્યાજ પૈકી, પ્રોત્સાહન રૂપે વ્યાજ સહાયમાં, ૪-% (FOUR PERSENT) વ્યાજ સરકારશ્રી દ્વારા સબસિડી પેટે ભોગવવામાં આવશે. જ્યારે વ્યાજની મૂળ ટકાવારીમાં બાકીના વ્યાજ ટકાની રકમ ઉમેદવારે પોતે ભોગવવાની રહેશે.

(૪) આ યોજના અંતર્ગત તાલીમાર્થીને વ્યાજની સહાય વાર્ષિક રૂ.૧૫,૦૦૦/-ની મર્યાદામાં અને વધુમાં વધુ ત્રણ વર્ષ સુધીના સમયગાળા સુધી જ આપવામાં આવશે.

(૫) આ યોજનામાં આઇ.ટી.આઇ. પાસ તાલીમાર્થી/ઉમેદવારના સંલગ્ન વ્યવસાયને લગતો ધંધાનો અનુભવ ધરાવતાં ઉમેદવારને અગ્રતા આપવાની રહેશે.

(૬) અરજદાર સરકારી કે અન્ય કોઇ નાણાકીય સંસ્થાના ડીફોલ્ટર ન હોવા જોઇએ.

આ યોજના અંગેનો ખર્ચ નીચે દર્શાવેલ શરતોને આધીન રહીને શ્રમ અને રોજગાર વિભાગના બજેટ સદર હેઠળ ઊધારવાનો રહેશે.

| | | |
|---|---|---|
| માંગણી નં. | : | ૫૭ |
| મુખ્ય સદર. | : | ૨૨૩૦ શ્રમ અને રોજગાર |
| પેટા મુખ્ય સદર. | : | ૦૩ તાલીમ |
| ગૌણ સદર. | : | ૧૦૧ ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ |
| પેટા સદર. | : | (૦૧)ઈ.એમ.પી.૧ સરકારી આઇ.ટી.આઇ.ઓમાં કારીગર તાલીમ યોજના (પ્લાન) રૂ. ૬૦૦/- લાખ |

શરતો :-

૧. સને ૨૦૧૪-૨૦૧૫ ના વર્ષનાં અંદાજપત્રમાં થયેલ જોગવાઇઓને આધિન રહીને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં રહીને ખર્ચ

કરવાનો રહેશે.

૨. આ યોજના અંગેનો ખર્ચ તા.૧/૮/૨૦૧૪ થી કરવાનો રહેશે.

૩. આ મંજુરી અન્વયે જો કોઇ પણ વસ્તુની ખરીદી/ખર્ચ કરવાનો હોય તો હયાત સાધન સામગ્રીની સમીક્ષા કરી જરૂર હોય તેટલી જ ખરીદી રાજ્ય સરકારશ્રીના પ્રવર્તમાન ધારા-ધોરણો અને નીતિ-નિયમોનુસાર કરવાનો રહેશે.

૪. પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાંકીય વર્ષમાં પર્યાપ્ત બજેટ જોગવાઇ કરાવી લેવાની રહેશે.

૫. આ અંગેનો ખર્ચ સરકારશ્રી ધ્વારા વખતો વખત નક્કી કરવામાં આવેલ જોગવાઇઓ અને લાગુ પડતા ધારાધોરણોને આધિન નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

૬. આ યોજના માટે કરવાની થતી ખરીદી રાજ્ય સરકારની ખરીદ પધ્ધતિ તથા પ્રવર્તમાન ધારાધોરણો અને નીતિ નિયમોનુસાર કરવાની સંપૂર્ણ જવાબદારી નિયામકશ્રી, રોજગાર અને તાલીમની રહેશે.

૮. જે હેતુ માટે બજેટ જોગવાઇ કરવામાં આવી હોય તે હેતુ માટે જ ખર્ચ કરવાનો રહેશે. ખર્ચ થઇ શકે તેમ ન હોય તો બચત સુપ્રત કરવા અંગેની તમામ તકેદારી નિયામકશ્રી, રોજગાર અને તાલીમે રાખવાની રહેશે.

૯. યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણાં વિભાગની તા.૦૧/૦૯/૨૦૧૪ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે રવાના કરવામાં આવે છે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(એસ.કે. બામણિયા)
નાયબ સચિવ (રોજગાર)
શ્રમ અને રોજગાર વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ,

૧. નિયામકશ્રી,રોજગાર અને તાલીમ, ગુજરાત રાજ્ય,ડૉ.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર.
૨. મહાલેખાકારશ્રી, અમદાવાદ / રાજકોટ.
૩. નિવાસી ઓડીટ અધિકારીશ્રી, અમદાવાદ / ગાંધીનગર.
૪. પગાર અને હિસાબી અધિકારીશ્રી અમદાવાદ / ગાંધીનગર.
૫. નાણાં વિભાગ, ક- શાખા, સચિવાલય, ગાંધીનગર.
૬. નાણાં સલાહકારશ્રી, (શિક્ષણ) નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૭. બજેટ શાખા, / ર.૧ શાખા, શ્રમ અને રોજગાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

વિભાગ-૧, નવી બાબત વર્ષ ૨૦૧૪-૨૦૧૫

રાજ્યમાં કાર્યરત ઔદ્યોગિક તાલિમ સંસ્થામાં તાલીમ મેળવી પાસ થતા તાલીમાર્થી ઓમાં ઉધોગ સાહસીકતાનો વિકાસ કરવા તથા સ્વરોજગારીની તકો ઉપલબ્ધ કરાવવા બેન્કેબલ લોન વ્યાજ સહાય યોજના શરૂ કરવા બાબતે

ગુજરાત સરકાર,
શ્રમ અને રોજગાર વિભાગ,
ઠરાવ ક્રમાંક : તલમ/૧૨૨૦૧૪/૩૯૨૩૩૧/૨(૨)
સચિવાલય,ગાંધીનગર.
તા.૦૯/૦૯/૨૦૧૪

વંચાણે લીધા:-

(૧) નિયામકશ્રી,રોજગાર અને તાલીમ, તા.. ૨૩/૭/૨૦૧૪ ના પત્ર ક્રમાંક :રોતાક/સીટીએસ/ચ-૧/૨૦૧૪/૧૦૯

(૨) નિયામકશ્રી,રોજગાર અને તાલીમ, તા.30/૭/૨૦૧૪ ના પત્ર ક્રમાંક : સીટીએસ/ચ-૧/ ૨૦૧૪/૧૧૨

(૩) આ વિભાગનો તા. 03/09/૨૦૧૪નો સરખા ક્રમાંકનો ઠરાવ

સુધારા ઠરાવ :-

વંચાણે લીધેલ ક્રમાંક-(૩)ના ઠરાવથી રાજ્યમાં કાર્યરત ઔધોગીક તાલીમ સંસ્થા/કેન્દ્રમાંથી તાલીમ મેળવ્યા બાદ રોજગારીના વિકલ્પ તરીકે જે તાલીમાર્થી પોતાનો સ્વરોજગાર સ્થાપવા ઇચ્છતા હોય તો તેવા તાલીમાર્થીને સ્વરોજગાર શરુ કરવા આવશ્યક હોય તેવા સાધન સામગ્રી વસાવવા જરુરી નાણાકીય સહાય બેન્ક મારફતે મળી રહે અને આવી નાણાકીય સહાયનું વ્યાજ ઉમેદવાર માટે વધુ બોજ રૂપ બને નહિં, તે માટે તાલીમાર્થીને પ્રોત્સાહન રૂપે બેંકેબલ લોન વ્યાજ સહાય યોજના ₹.૬00/-લાખની જોગવાઇ સાથે શરૂ કરવામાં આવેલ છે. આ યોજનાના વંચાણે લીધેલ ક્રમાંક-(૩)ના ઠરાવમાં આથી અંશત: સુધારો કરવામાં આવે છે, અને હવે વ્યાજ સહાય યોજનાના અમલીકરણની શરત ક્રમાંક:- (૩) અને (૪) નીચે મુજબ વંચાણે લેવાની રહેશે.

(૩)આઇ.ટી.આઇ. ના તાલીમાર્થીને પોતાના સ્વરોજગાર શરુ કરવામાં આવશ્યક હોય તેવા સાધન સામગ્રી વસાવવા, બેન્ક મારફતે મંજૂર નાણાકીય લોન પર નક્કી થયેલ વ્યાજ પૈકી, ઓછામાં ઓછું ૪% (FOUR PERCENT) વ્યાજ ઉમેદવારે પોતે ભોગવવાનું રહેશે, અને ઉમેદવાર દ્વારા ૪% વ્યાજના રકમની ભરપાઇ કર્યા બાદ જ વ્યાજ સહાય મળવાપાત્ર થશે.

(૪) લોનની રકમ પર ૭%ની મર્યાદામાં થતું વ્યાજ અથવા વાર્ષિક ₹.૭,૦૦૦/- આ બંને પૈકી જે રકમ ઓછી હોય તે રકમ વ્યાજ સહાય પેટે સરકારશ્રી દ્વારા પ્રોત્સાહન રૂપે, ભોગવવામાં આવશે, અને મહત્તમ ત્રણ વર્ષના સમયગાળા સુધી જ વ્યાજ સહાય આપવામાં આવશે

મૂળ ઠરાવની અન્ય શરતો યથાવત રાખવામાં આવે છે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણાં વિભાગની તા.૦૯/૦૯/૨૦૧૪ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે રવાના કરવામાં આવે છે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(એસ.કે. બામણિયા)
નાયબ સચિવ (રોજગાર)
શ્રમ અને રોજગાર વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ,

૧. નિયામકશ્રી,રોજગાર અને તાલીમ, ગુજરાત રાજ્ય,ડૉ.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર.
૨. મહાલેખાકારશ્રી, અમદાવાદ / રાજકોટ.
૩. નિવાસી ઓડીટ અધિકારીશ્રી, અમદાવાદ / ગાંધીનગર.
૪. પગાર અને હિસાબી અધિકારીશ્રી અમદાવાદ / ગાંધીનગર.
૫. નાણાં વિભાગ, ક- શાખા, સચિવાલય, ગાંધીનગર.
૬. નાણાં સલાહકારશ્રી, (શિક્ષણ) નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૭. બજેટ શાખા,/ર.૧ શાખા, શ્રમ અને રોજગાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૮. સિલેક્ટ ફાઇલ / ર (૨) શાખા.
૯. નાયબ સેક્શન અધિકારીશ્રી / સિલેક્ટ ફાઇલ.

શેરા ક્રમાંકઃ રોતાનિ/ સીટીએસ/ ચ-૧/ ૨૦૧૪/ 9230
રોજગાર અને તાલીમ નિયામકની કચેરી,
બ્લોક નં. ૧, ત્રીજો માળ,
ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
તાઃ ૦૯/૦૯/૨૦૧૪

<u>નકલ રવાના જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.</u>

૧. નાયબ નિયામકશ્રી (તાલીમ), પ્રાદેશિક કચેરી, અમદાવાદ/ વડોદરા/ રાજકોટ/ સુરત તરફ...
૨. તમામ સરકારી આદ્યોગિક તાલીમ સંસ્થાઓના વડાઓ તરફ..
૩. તાલીમ પાંખની તમામ શાખાના શાખા અધિકારીશ્રીઓ, વડીકચેરી, ગાંધીનગર.
૪. રોજગાર પાંખ, વડીકચેરી, ગાંધીનગર.

નાયબ નિયામક (તાલીમ)
રોજગાર અને તાલીમ
ગાંધીનગર.